UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૨૧, ઓક્ટોબર - ડિસેમ્બર ૨૦૧૩



## સાબરમતી સર્કલ ખાતે આંતર વર્તુળ રાસ-ગરબાનું આયોજન



વારાહી સબડિવિઝનના નવા મકાનનો લોકાર્પણ સમારોહ



તૃતિય ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ પ્રથમ વાર ચેમ્પિયન



## યુજીવીસીએલના ચેરમેનશ્રી ગૌરવ પુરસ્કારથી સન્માનિત



આઠમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ચેમ્પિયન

વર્ષ-૩ અંક-૨૧, ઓક્ટોબર – ડિસેમ્બર ૨૦૧૩
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી પી. જે. ત્રિવેદી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એ. કે. મંગલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડીંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૧૨/૨૦૧૩

# આ અંકમાં

**સન્માન**
યુજીવીસીએલના ચેરમેનશ્રી ગૌરવ પુરસ્કારથી સન્માનિત...................... ૦૪
**પ્રવૃત્તિ**
ટ્રાન્સફોર્મર ફેલ્યોર ન થાય તે માટેનાં મહત્ત્વપૂર્ણ પગલાં ........................ ૦૫
**રોમાંચક બાબતો**
ઇલેક્ટ્રીસિટી બોર્ડ અને સ્પોર્ટ્સ વર્લ્ડનો રોમાંચક મેળ દર્શાવતી
કેટલીક મજેદાર વાતો... .................................................. ૦૭
**રાસ-ગરબા**
સાબરમતી સર્કલ ખાતે આંતર વર્તુળ રાસ-ગરબાનું આયોજન.................. ૦૮
મનજાગૃત મહિલામંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન.................... ૦૯
**સંક્ષિપ્ત સમાચાર**
વડનગર ખાતે નવનિર્મિત સેક્શન ઓફિસનું લોકાર્પણ.......................... ૧૦
યુજીવીસીએલનું ગૌરવ.................................................. ૧૦
વીજ વિતરણની દૃષ્ટિએ દોલપુર ગામને
આદર્શ ગામ બનાવતો કંપનીનો નૂતન અભિગમ................................ ૧૧
નવનિર્મિત અંબાજી સબડિવિઝનનો ઉદ્‌ઘાટન સમારંભ......................... ૧૧
**ક્રિકેટ**
આઠમી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ચેમ્પિયન............... ૧૨
**કબડ્ડી**
તૃતિય ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ પ્રથમ વાર ચેમ્પિયન...... ૧૪
**ટેનીકોઇટ**
આઠમી ઇન્ટર સર્કલ ટેનીકોઇટ ટુર્નામેન્ટમાં નીતાબહેન સાટોડીયા ચેમ્પિયન..... ૧૫
**વોલિબોલ**
ઇન્ટર સર્કલ વોલિબોલ ટુર્નામેન્ટમાં પાલનપુર ચેમ્પિયન........................ ૧૬
**ટેનિસ**
આઠમી ઇન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનતા શ્રી કમલ સીંધી....... ૧૮
**કયાવ્યધારા**
ખોજ છે પ્રભુ તારી... ................................................... ૧૯
મંગલ દર્શન............................................................ ૧૯
નીર ઘટતાં ચાલ્યાં........................................................ ૧૯
A Rainbow.............................................................૧૯



**મને એ વાતનો વિશેષ આનંદ છે કે આપ સૌ કંપની અને પોતાના કાર્ય તરફની નિષ્ઠા જાળવીને રમત–ગમત અને અન્ય જીવનલક્ષી પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છો.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

આપણી ભારતીય સંસ્કૃતિ અનુસાર આપણે નૂતન વર્ષમાં પ્રવેશ કરી લીધો છે અને હવે ઇંગ્લિશ કેલેન્ડર અનુસાર પણ આશાભર્યા નવ વર્ષના આવનારા દિવસો તરફ આપણી દૃષ્ટિ છે, ત્યારે આપ સૌને ખુશાલી અને સંતોષથી સંપન્ન નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ!

આ વર્ષે આપણા માટે આનંદના એક સમાચાર એ છે કે આપ સૌના પ્રોત્સાહક પ્રતિસાદથી, આ 'આપણું યુજીવીસીએલ' ન્યુઝલેટરને આપણે ત્રિમાસિકમાંથી દ્વિમાસિક બનાવી રહ્યા છીએ, જેથી આપણને સૌને આપણા વિશાળ અને વિવિધ રીતે સક્રિય કંપની પરિવારના સમાચારો ઓછા સમયાંતરે મળતા રહે.

મને એ વાતનો વિશેષ આનંદ છે કે આપ સૌ કંપની અને પોતાના કાર્ય તરફની નિષ્ઠા જાળવીને રમત–ગમત અને અન્ય જીવનલક્ષી પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છો. તાજેતરમાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતા ખેલાડી ભાઈ–બહેનો તેમ જ અન્ય તમામ સ્પર્ધકોને મારાં હાર્દિક અભિનંદન.

આપ જાણતા જ હશો તેમ ફેબ્રુઆરી મહિનામાં આપણે ભવ્ય 'સ્પોર્ટ્સ મીટ'નું આયોજન કરી રહ્યા છીએ. ખેલદિલી તેમ જ પારિવારિક ભાવના સુદૃઢ બનાવતી આ સ્પર્ધાઓમાં આપ સૌ વધુ ને વધુ ઉત્સાહ અને ઉમળકાથી ભાગ લેશો અને આ અનોખા આયોજનને સફળ બનાવશો તેવો મને વિશ્વાસ છે.

આપણી કંપનીની કાર્યપ્રણાલિઓ દિવસે દિવસે વધુ સુદૃઢ બની રહી છે, આપણે કંપનીના કાર્યક્ષેત્રમાંના તમામ વીજગ્રાહકો માટે નિરંતર વિશ્વસનીય વીજપૂરવઠો પૂરો પાડી રહ્યા છીએ અને ગ્રાહકસેવાનાં નવાં ધોરણો સર્જી રહ્યા છીએ એ પણ સંતોષ અને આનંદની વાત છે.

શિયાળાના આ દિવસોમાં, 'સ્વસ્થ કર્મચારી, સ્વચ્છ કંપની'ના કાર્યમંત્ર સાથે આપ સૌના નિરામય જીવનની શુભેચ્છાઓ.

**એન. શ્રીવાસ્તવ**, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૧૨-૨૦૧૩**

# યુજીવીસીએલના ચેરમેનશ્રી ગૌરવ પુરસ્કારથી સન્માનિત














ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના માનનીય ચેરમેનશ્રી વરુણનાથ માયરા (નિવૃત્ત આઇએએસ)નું તસવીરકલાના ક્ષેત્રમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ઉત્તમ પ્રદાન માટે લલિતકલા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

અમદાવાદ ખાતે યોજાયેલા એક ભવ્ય સમારંભમાં ગુજરાતના માનનીય મંત્રી શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને ક્ષમતાવર્ધન, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ)ના વરદ હસ્તે શ્રી માયરાને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે કલા અને સાહિત્ય ક્ષેત્રના વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી માયરા લેન્ડસ્કેપ ફોટોગ્રાફીમાં ઊંડો રસ અને કૌશલ્ય ધરાવે છે. તેઓએ સમગ્ર ભારતમાં ફોટોગ્રાફીનાં ૧૬ પ્રદર્શનો યોજ્યાં છે. તેઓએ ગુજરાતની હેરિટેજ સાઇટ્સ ચાંપાનેર અને ધોળાવીરા વિશે બે કોફીટેબલ બુક્સ પણ લખી છે. ધોળાવીરા પરના તેમના પુસ્તકની વિશેષ આવૃત્તિ ગુજરાત સરકારે સુવર્ણ જયંતિ વર્ષ દરમિયાન પ્રકાશિત કરી હતી. આ પુસ્તકની પ્રસ્તાવના ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ લખી હતી.

તસવીરકલા, પેન્ટિંગ તથા સ્કલ્પચર ક્ષેત્રમાં શ્રી માયરાની સાથે અન્ય ૯ વ્યક્તિઓને પણ, વર્ષ ૨૦૧૦-૧૧ માટે પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ છે.

સમગ્ર યુજીવીસીએલ પરિવાર તરફથી શ્રી માયરાસાહેબને હાર્દિક અભિનંદન! ■

# વારાહી સબડિવિઝનના નવા મકાનનું લોકાર્પણ

**યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ, આઇએફએસ તેમ જ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઈ તથા ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી પી.જે. ત્રિવેદી તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા લોકાર્પણ સમારોહમાં કંપનીના કર્મચારીઓ અને વારાહીના નગરજનોએ ઉત્સાહભેર ભાગ લઈને વધુ સુવિધાજનક કચેરીની પહેલને બિરદાવી હતી.**









# ટ્રાન્સફોર્મર ફેલ્યોર ન થાય તે માટેનાં મહત્ત્વપૂર્ણ પગલાં

**જયારે ટ્રાન્સફોર્મર ફેલ્યોર થાય ત્યારે અનેક સમસ્યાઓ ઊભી થતી હોય છે. તે વાતને ધ્યાનમાં રાખીને ટ્રાન્સફોર્મર ફેલ્યોર ન થાય તે માટે કેટલાંક પગલાં ભરી શકાય.**

### ટ્રાન્સફોર્મર ફેલ્યોર રેટ ઘટાડવા બાબત



- દરેક ટ્રાન્સફોર્મર રીપેરિંગ એજન્સીમાં રીપેર થયા બાદ ત્યાં જ JE (TMS) દ્વારા ટ્રાન્સફોર્મરના બધા જ ટેસ્ટ ફરજિયાત લેવા જોઇએ જેથી G.P. ફેઇલ અને Initial fail ન થાય.
- ટ્રાન્સફોર્મર ન્યુટ્રલ અર્થિંગ ફરજિયાતપણે ન્યુટ્રલ બુશિંગથી અલગ પીવીસી પાઇપમાં T/Cને ક્યાંય અડકે નહીં તે રીતે કરવો જોઇએ.
- એક જ સબ ડિવિઝનમાં અથવા ડિવિઝનમાં લોડ વધારો કે ઘટાડો કરવાથી અંદર અંદર ઉલટ સુલટ કરવાનાં બંધ કરવાં જોઇએ.
- ચાલુ ટ્રાન્સફોર્મર ઉપર દરેક ફેઝમાં એક સરખું એમ્પિયર લોડિંગ હોવું જરૂરી છે.
- ખેતીવાડી ગ્રાહકોને તેમના સબમર્સીબલ પંપ સારી ક્વોલિટીના તથા તેમના માગણી પ્રમાણેના જ હોર્સ પાવરનું જોડાણ કરે તેવી સમજ આપવી જોઇએ.
- ખેતીવાડી ગ્રાહકોનું વધુમાં વધુ ચેકિંગ કરીને લોડ વધારો માલુમ પડે તો ગ્રાહક પાસે લોડ વધારો મગાવી લેવો. અને એક ગૃપમાં એક કરતાં વધુ ગ્રાહકો હોય અને ચેકિંગ કરી વધારો માલુમ પડે તો લોડ વધારો માગણી કરાવીને ટ્રાન્સફોર્મરનું બાયફરકેશન ફરજિયાત કરવું.
- ટ્રાન્સફોર્મરમાં ભેજ ન જાય તે માટે સમયાંતરે બ્રિધરમાં સિલિકા તથા તેના ગાસકેટ ચેક કરી બદલવાં જોઇએ.
- ટ્રાન્સફોર્મરમાં ઓઇલ લીકેજ થતું હોય તો અટકાવવું જોઇએ. ઓઇલ લેવલ રેગ્યુલર હોવું જોઇએ.

## ટ્રાન્સફોર્મર રીપેરિંગ અંગેનો ખર્ચ કઇ રીતે ઘટાડી શકાય

- ટ્રાન્સફોર્મર રીપેરિંગ એજન્સી સાથે ગેરંટી પીરિયડ ટ્રાન્સફોર્મર સર્કીટમાં હોય તે પ્રમાણે ગણવો જોઇએ. એટલે કે G.P. ફેઇલ્ડ ટ્રાન્સફોર્મર (રીપેરિંગ એજન્સી અથવા કંપની રીપેર) એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, પાંચ વર્ષ, ટ્રાન્સફોર્મર સર્કિટમાં રહેલ છે, તે પ્રમાણે નક્કી કરવો જોઇએ, નહીં કે સળગ વર્ષોની ગણતરી કરવી. કંપની G.P. જલ્દીથી પરત ન આવવાના કારણે તેઓને ગેરંટી પીરિયડ ઘણી વખત આ રીતે જ પૂરો થતો હોય છે. અથવા એકાદ વર્ષ નીકળી જતું હોય છે.
- એજન્સીમાં ટ્રાન્સફોર્મર સક્ષમ અધિકારીની રૂબરૂમાં જ ખોલવું જોઇએ.
- ટ્રાન્સફોર્મર રીપેરિંગ એજન્સીમાં જાય એટલે તરત જ ફીઝિકલ તેમજ ઇન્ટરનલ કરાવી લેવું જોઇએ, બંને સાથે થવું જોઇએ.
- ઇન્ટરનલ કરતી વખતે ખરાબ કોઇલો એક બાજુ કાઢીને ત્યાં જ કાપી નાખવી જોઇએ અને ટુકડા કરી દેવા જોઇએ.
- ઇન્ટરનલ કરતી વખતે એલ.ટી. તથા એચ.ટી.ના વાયરોની ગેઝ માપણી કરવી જોઇએ.
- ટ્રાન્સફોર્મરનું ઓઇલ કેટલું ઓછું છે તે ખરેખર માપણી અને ગણતરી કરીને નક્કી કરવું જોઇએ.
- ટ્રાન્સફોર્મર એલ.ટી.ના સારા લિમ્બ તથા એચ.ટી. કોઇલો સારી ફરીથી સર્વિસ કરીને વાપરવી જોઇએ.
- સબડિવિઝન સ્તરે ટ્રાન્સફોર્મર બળેલ નક્કી કરતાં પહેલાં...

» દરેક ટ્રાન્સફોર્મર ઉપર ઓછામાં ઓછું એલ. ટી. નેટવર્ક હોવું જોઇએ.

» દરેક ટ્રાન્સફોર્મરની એલ.ટી. લાઇનો સંપૂર્ણ મેન્ટેનન્સ કરેલ હોવી જોઇએ.

» ટ્રાન્સફોર્મરનું આયુષ્ય નક્કી કરીને તેનાથી વધુ સમય મર્યાદાવાળાં ટ્રાન્સફોર્મરની એજન્સી નક્કી કરીને સર્વિસ કરાવી લેવી જોઇએ.

» એચ.ટી. સાઈડ તથા એલ.ટી. સાઈડ ફરજિયાતપણે protection system હોવી જોઇએ.

» એચ.ટી. સાઈડ હોર્નગેપ ડીઓ ફ્યુઝ હોવા જોઇએ.

સાદી ફ્યુઝ સિસ્ટમ (લંગરિયા)માં આડેધડ ૧/૧૮ના વાયરો ત્રણથી ચાર વાયરો ભેગા કરીને લંગરિયા ચઢાવતા હોય છે, જે ન હોવું જોઇએ. ઘણી જગ્યાએ એલ્યુમિનમ વાયરના ડીઓ ચઢાવવામાં આવે છે.

- J.G.Y અને અર્બનમાં એલ.ટી. MCCB સ્વીચો હોવી જોઇએ.
- અલ માં ફરજિયાતપણે એલ.ટી Dist. Box અથવા યોગ્ય કેપેસિટીના ફ્યુઝ લગાવેલ હોવા જોઇએ.
- હોર્નગેપ ડીઓ ફ્યુઝ અને ડીઓ એંગલ વચ્ચે પોર્સેલિનના પાછળના ભાગે પી.વી.સી. પાઇપ ચઢાવેલી હોવી જોઈે.

**ટ્રાન્સફોર્મરની કેપેસિટી પ્રમાણે ડીઓ લિંક ચઢાવવી જોઇએ, એટલે કે**

| | | |
|---|---|---|
| ૨૦૦ કેવીએ | એચ.ટી સાઈડ એમપિયર | ડી.સી. ફ્યુઝ કેપેસિટી |
| ૧૦૦ કેવીએ | ૧૦.૫૦ | ૧૨ એમ્પિયર |
| ૬૩ કેવીએ | ૫.૨૫ | ૬ એમ્પિયર |
| ૨૫ કેવીએ | ૩.૫૦ | ૪ એમ્પિયર |



જેથી બર્ડ ફોલ ડી.ઓ. ઉપર ન થાય.

- રીપેરિંગ એજન્સીમાં યોગ્ય ગુણવત્તાવાળું મટીરિયલ તથા કોઇલો સ્ટાન્ડર્ડ પ્રમાણે યોગ્ય વજનની વપરાય છે કે નહીં તેની તકેદારી રાખવી જોઇએ.



હું માનું છું કે મારા દ્વારા સૂચવવામાં આવેલ સૂચનો બધા માન્ય ન પણ રાખી શકાય પરંતુ જો થોડા ઘણા પણ માન્ય રાખી શકાય તેમ હોય તો મને આનંદ થશે. તેમજ કંપનીના હિતમાં ટ્રાન્સફોર્મર ફ્લેટ રેટ ઘટાડવા તેમજ રીપેરિંગ કિંમતો નીચી લાવી શકાશે. – **આર. સી. નાયક**

''આર.સી. નાયકને મહત્ત્વના સૂચનો કરવા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા રોક્કડ પુરસ્કાર આપીને સંમાનિત કરવામાં આવેલ છે.''

√ કેરમના ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ખેલાડી શ્રી નિસાર અહેમદ, આંધ્ર પ્રદેશ ટ્રાન્સમિશન કંપનીના કર્મચારી છે.

√ ક્રિકેટની આઇપીએલ ટુર્નામેન્ટ રમતા જાણીતા ખેલાડી શ્રી અશોક ડીંડા અને મનોજ તિવારી, અભિષેક ઝૂનઝૂનવાલા, એસ.એસ.પૉલ આપણી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કંન્ટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટમાં ભાગ લઇ ચૂકેલ છે.

√ વર્ષો અગાઉ હોકીના જાદુગર સ્વ. ધ્યાનચંદ જબલપુર ખાતે યોજાયેલ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટીની સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની હોકી ટુર્નામેન્ટના ઉદ્દઘાટક તરીકે હાજર રહેલા અને ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કંન્ટ્રોલ બોર્ડની હોકી ટુર્નામેન્ટના પરફોર્મન્સથી પ્રભાવિત થયેલ.

√ ચેસ તથા બ્રિજ ટુર્નામેન્ટમાં ગુજરાત વિદ્યુત બોર્ડ તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમથી ભાગ લીધેલ ટીમો ભૂતકાળમાં વારંવાર ચેમ્પિયન બનેલ છે.

√ હિંમતનગર ખાતે યોજાયેલ નોર્થઝોન ઇન્ટ્ર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં એક મેચમાં પાલનપુર ટ્રાન્સમિશન અને સાબરમતી સર્કલ વચ્ચે રમાયેલ જેમાં લગાન ફિલ્મ ફેઇમ મેચમાં છેલ્લા બૉલે ૭ રન કરવાના હતા ત્યારે પાલનપુર સર્કલના ખેલાડીએ વાઇડ બૉલ ફેંકતા વિકેટકીપર કલેક્ટ ન કરી શકતા બાયનો રન થતાં કુલ બે રન થયેલ. મેચ જીતવા માટે પાંચ રનની જરૂર હતી ત્યારે છેલ્લા બૉલે સાબરમતી સર્કલના ખેલાડી શ્રી સોલંકીએ સિક્સર ફટકારતાં મેચ ગુજરાત વિદ્યુત બોર્ડથી માંડી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ

# ઈલેક્ટ્રીસિટી બોર્ડ અને સ્પોર્ટ્સ વર્લ્ડનો રોમાંચક મેળ દર્શાવતી કેટલીક મજેદાર વાતો...

લિમિટેડના ઇતિહાસમાં સૌથી રોમાંચક બનેલ.

- ✓ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલબોર્ડની કેરમ ટુર્નામેન્ટમાં કેટલાક ભારતના ચેમ્પિયન કક્ષાના ખેલાડીઓ વિવિધ વીજ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે અને ટુર્નામેન્ટમાં બ્રેક ટુ ફિનિશ (સેન્ચ્યુરી) એટલે કે સ્ટ્રાઇકર દ્વારા ગેમ શરૂ કરનાર એક જ વખતમાં સળંગ તમામ નવ કુકરીઓ કાઢી નાખે તેમ જ બ્લેક કુકરીથી રમતા ખેલાડીઓ બ્લેકનો દાવ આવે ત્યારે એક જ વખતમાં સળંગ તમામ નવ કુકરીઓ કાઢી નાખે એવી ઘટનાઓ વારંવાર બને છે. ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટમાં ભારતના વધુમાં વધુ નામાંકિત ખેલાડીઓ ભાગ લે છે.
- ✓ ગુજરાત વિદ્યુત બોર્ડના ભૂતપૂર્વ કર્મચારી શ્રી પ્રફુલ્લ મહેતા ૨૧૦૦થી વધુનું ઇન્ટરનેશનલ રેટિંગ ધરાવતા હતા ઉપરાંત ગુજરાતમાં ચેમ્પિયન થયેલ. તેઓ આંખે પાટા બાંધીને એકથી વધુ ખેલાડીઓ સાથે ચેસ રમતા અને જીતતા.
- ✓ તા. ૨૪ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ અમદાવાદ ખાતે એકી સાથે ૨૦,૪૮૦ ખેલાડીઓએ ભાગ લીધો જે પૈકી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ કંપનીના ૩૫૦ જેટલા ખેલાડીઓ તથા ૩૫ જેટલા ખેલાડીઓએ માસ્ટર તરીકે ભાગ લઇને વિશ્વ વિક્રમ સ્થાપવામાં પોતાનું યોગદાન આપેલ.
- ✓ શ્રી કે. સી. પટેલ કે જે ઉત્તર ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસિટી કોર્પોરેશનમાં જુનિયર ઇજનેર તરીકે ફરજ બજાવે છે તેઓ ૨૨ વખત ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીકસિટી સ્પોર્ટ્સ કંન્ટ્રોલ બોર્ડની બેટમિન્ટન ટુર્નામેન્ટમાં પ્રતિનિધિત્વ કરી ગુજરાત વિદ્યુત બોર્ડ તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને ગૌરવ અપાવ્યું છે. ૫૮ વર્ષની ઉંમરે આજે પણ બેડમિન્ટન ટુર્નામેન્ટ રમે છે અને તાજેતરની ઇન્ટર કંપની ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ છે.



- ✓ શ્રી રામલખન, પંજાબ સ્ટેટ ઇલેક્ટ્રીસિટી બોર્ડના કર્મચારી કે જેને ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વેટરન્સ વિભાગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલ છે.
- ✓ ઇન્ટર સર્કલ અને કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ સૌ પ્રથમવાર જો કોઇ વીજ વિતરણ કંપનીના ખેલાડી ચેમ્પિયન બનેલ હોય તેવી ઘટના શ્રી કમલ સિંધીએ, નાયબ ઇજનેર, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા દ્વારા સિદ્ધ કરવામાં આવેલ અને ઉત્તર ગુજરાત વીજ કંપનીને ગૌરવ અપાવેલ છે.
- ✓ શ્રી ઇકબાલ સૈયદ નિવૃત્ત કાર્યપાલક ઇજનેર જે લગાતાર ૩૩ વર્ષ સુધી વિવિધ રમતોમાં જીવન પર્યંત ભાગ લઇ સૌથી વધુ ટુર્નામેન્ટ્સ રમવાનું બહુમાન મેળવેલ છે. ઓલ ઇન્ડિયા વેટરન્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ પટના ખાતે રનર અપ થયેલ. ઉપરાંત ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ અને ક્રિકેટ જેવી રમતોમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની ટુર્નામેન્ટમાં પ્રતિનિધિત્વ કરનારા એક માત્ર ખેલાડી છે.
- ✓ શ્રી અશોક ગોહિલ ગુજરાત ઇલેક્ટ્રીસિટી ટ્રાન્સમિશન કોર્પોરેશનના કર્મચારી લગાતાર ૨૩ વર્ષથી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની કેરમ ટુર્નામેન્ટમાં પ્રતિનિધિત્વ કરી રહેલ છે.
- ✓ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજિત ઇન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનની ટીમ સામે વર્ષ ૨૦૦૯-૧૦માં શ્રી આરીફ ચૌહાણ, જુનિયર આસિસ્ટન્ટ, પાલનપુર દ્વારા બોલર તરીકે સતત ત્રણ બોલમાં ત્રણ વિકેટ ઝડપીને હેટ્રિક મેળવેલ.
- ✓ શ્રી ભરત કોએટિયા, જુનિયર આસિસ્ટન્ટ, ડિસા વિભાગીય કચેરી દ્વારા ઇન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦ ઓવરની મેચમાં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસિટી કોર્પોરેશનની ટીમ સામે બોલર તરીકે ચાર ઓવર ફેંકી એકપણ રન આપ્યા વગર ૬ વિકેટો ખેરવી ઉત્કૃષ્ટ બોલર તરીકે દેખાવ કરેલ. ■

# સાબરમતી સર્કલ ખાતે આંતર વર્તુળ રાસ–ગરબાનું આયોજન

તા. ૧૮-૧૦-૨૦૧૩ના કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ તથા કંપનીના મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઈના નેતૃત્વ હેઠળ સાબરમતી સર્કલ ઓફિસના અધિક્ષક ઇજનેર શ્રી એમ.બી. જાકાસણીયા તથા તેમના કર્મચારીઓ દ્વારા રાસગરબા હરિફાઇનું આયોજન કરવામાં આવેલ.

કંપની હસ્તકની હિંમતનગર, પાલનપુર, સાબરમતી તથા મહેસાણા સર્કલ અને કોર્પોરેટ ઓફિસના ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. ઉદ્‌ઘાટનની શરૂઆતમાં અધિક્ષક ઇજનેર શ્રી એમ. બી. જાકાસણીયા દ્વારા ઉપસ્થિત મહાનુભવો તથા કર્મચારીઓનું ઉષ્માભર્યા શબ્દોથી સ્વાગત કરેલ. ત્યાર બાદ ઉપસ્થિત મહેમાનો તથા નિર્ણાયકોને પુષ્પગુચ્છ અર્પણ કરેલ.

કાર્યક્રમની શરૂઆત મહેસાણા સર્કલના ભાઈઓ દ્વારા દેવા શ્રી ગણેશાય નમઃના સ્વાગત ગીતથી કરવામાં આવેલ. સ્પર્ધાની ગોપનિયતાને ધ્યાનમાં રાખીને ગરબાની સ્પર્ધા માટેની ટીમને અગલ અલગ નામની ઓળખ આપવામાં આવેલ. જેમાં સાબરમતી વર્કિંગ વીમેનની ટીમનું નામ રાગ-અનુરાગ, મહેસાણાની ટીમનું નામ માન-સન્માન, હિંમતનગરની ટીમનું નામ શ્વાસ-વિશ્વાસ, પાલનપુરની ટીમનું નામ વિનય-સવિનય તથા સાબરમતી કોલોનીના મહિલામંડળની ટીમનું શેષ-વિશેષ રાખવામાં આવેલ.

ગરબા સ્પર્ધામાં પ્રથમ સ્થાન સાબરમતી

























કોલોનીના મહિલામંડળને પ્રાપ્ત થયેલ. જ્યારે દ્વિતિય સ્થાને સાબરમતી વર્કિંગ વૂમનની ટીમ વિજેતા થયેલ.

રાસસ્પર્ધામાં પણ ટીમોને અલગ અલગ નામો જેવાં કે ઉષા, ઉષ્મા, ઉજાસ અને ઊર્જા જેવાંની નામોની ઓળખ આપવામાં આવેલ. જેમાં સાબરમતી કોલોની મહિલામંડળ પ્રથમ સ્થાને તથા પાલનપુર સર્કલની ટીમ દ્વિતિય સ્થાને વિજેતા થયેલ. કાર્યક્રમના મધ્યાંતર સમયે તમામ ઉપસ્થિત કર્મચારીભાઈઓ વચ્ચે સમૂહ ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી અંકિત પંડ્યા પ્રથમ સ્થાને, શ્રી આર.ડી. રાવલ દ્વિતિય સ્થાને તથા શ્રી મયૂર વોરા તૃતિય સ્થાને વિજેતા થયેલ.

કાર્યક્રમના સમાપન સમારંભમાં તમામ સ્પર્ધકોને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ તથા મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઈના વરદ હસ્તે રોક્કડ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ. સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ સમગ્ર રાસગરબા હરિફાઈના કાર્યક્રમના સફળ આયોજન માટે જહેમત ઉઠાવનારા તમામ કર્મચારીઓની પ્રશંસા કરી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર સૌએ કાર્યક્રમના સુંદર આયોજનની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યપાલક ઇજનેર શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી એચ.બી. રાઠોડ, શ્રી એલ.એમ. મહિડા સહાયક સચિવશ્રી તથા તેમની ટીમે ખૂબ જ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી એચ.બી. પટેલે પ્રસંશનિય રીતે હાથ ધર્યુ હતું. ■

# મનજાગૃત મહિલામંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન









મનજાગૃત મહિલામંડળ તરફથી યુજીવીસીએલ કોલોની કોમન પ્લોટ, મહેસાણા ખાતે તા.૧૧/૧૦/૨૦૧૩ને શુક્રવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે નવરાત્રિ નિમિત્તે ગરબાનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવેલ. જેનું દીપ પ્રાગટ્ય કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ.

ઉત્સાહભેર યોજાયેલા ગરબાના આ કાર્યક્રમમાં કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી શ્રી એન. શ્રીવાસ્તવનાં ધર્મપત્ની શ્રીમતી રેમીબહેન શ્રીવાસ્તવ, ચીફ એન્જિનીયર શ્રીમતી છાયાબેન દેસાઈ તથા શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી તથા કોર્પોરેટ ઓફિસ અને મહેસાણા વર્તુળ કચેરીના તમામ ઓફિસર તથા કર્મચારી ભાઈઓ તથા મહિલામંડળની તમામ બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને ઉત્સાહભેર માણ્યો હતો. કાર્યક્રમના અંતે લકી ડ્રો દ્વારા સાત વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. ■



# વડનગર ખાતે નવનિર્મિત સેક્શન ઓફિસનું લોકાર્પણ

તા. ૧૨-૧૦-૨૦૧૩ના રોજ મહેસાણા વર્તુળ કચેરીના તાબા હેઠળ આવેલ વિસનગર વિભાગીય કચેરીની વડનગર પેટા વિભાગીય કચેરી સંલગ્ન નવીન સેક્શન ઓફિસનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં શ્રી સોમાભાઈ ડી. મોદી, સામાજિક કાર્યકર, શ્રી સુનિલચંદ્ર મહેતા, પ્રમુખશ્રી નગરપાલિકા વડનગર તથા મીનાબહેન બ્રહ્મભટ્ટ ચીફ ઓફિસર નગરપાલિકા, વડનગરના અધિક્ષક ઈજનેર શ્રી એસ.એમ. રામી અને કાર્યપાલક ઈજનેર શ્રી આર.જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કંપનીના માનવંતા ગ્રાહકોને વધુ સારી સગવડો દ્વારા સંતોષ આપી શકાય તેવા ઉદ્દેશથી કંપની દ્વારા વખતોવખત ગ્રાહકલક્ષી પગલાં લેવામાં આવે છે.

સમારંભમાં મોટી સંખ્યામાં વડનગરના ગ્રામજનો ઉપસ્થિત રહેલ અને સૌએ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ગ્રાહકલક્ષી અભિગમને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ આ પહેલને બિરદાવી હતી. ■







# ગાંધીનગર ખાતે બીલ સ્વીકાર કેન્દ્રનું ઉદઘાટન

તા. ૨૪/૧૨/૨૦૧૩ના રોજ ગાંધીનગર સબડિવિઝનના ગ્રાહકોને બીલ સ્વીકાર કેન્દ્ર રૂપે વધુ એક સગવડભરી સોગાત મળી હતી. યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવના શુભ હસ્તે આ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીનાં ચીફ એન્જિનીયર (ઓપરેશન) શ્રીમતી સી. આર. દેસાઈ, એજીએમ (એચઆર) શ્રી પી. જે. ત્રિવેદી, શ્રી એમ. બી. જાકાસણીયા, શ્રી વાય.એ. પરમાર અને એક્ઝિક્યુટિવ એન્જિનીયર શ્રી જી. એચ. એન્જિનીયર સહિત ઉચ્ચ અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.








# યુજીવીસીએલનું ગૌરવ

તા. ૨૫થી ૨૮ નવેમ્બર ૨૦૧૩ દરમિયાન એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી દ્વારા રાજસ્થાન ટેક્નિકલ યુનિવર્સિટી ખાતે આયોજીત વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી બેડમિન્ટન સ્પર્ધામાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ વાસદ ખાતે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતી કુ. શ્રેયા આર. પરમાર પસંદગી પામેલ છે. કુ. શ્રેયાના પિતા શ્રી આર. એન. પરમાર જુનિયર આઈ.ઓ. તરીકે ફરજ બજાવે છે. કુ. શ્રેયાએ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી બેટમીટન ટુર્નામેન્ટ માટેની ટીમમાં પસંદગી પામી યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે. ભુવનેશ્વર ખાતે તારીખ ૨૪/૧૨/૨૦૧૩થી ૩૦/૧૨/૨૦૧૩ દરમિયાન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે.



યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ■

# વીજ વિતરણની દૃષ્ટિએ દોલપુર ગામને આદર્શ ગામ બનાવતો કંપનીનો નૂતન અભિગમ

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેય સાથે કટિબદ્ધ ઉત્તર ગુજરાત વીજ કંપની છેલ્લાં સાત વર્ષથી ગ્રાહકોને વધુમાં વધુ સગવડો મળે તે અંગે વિવિધ દિશામાં કામગીરી કરી રહી છે, જેના ભાગરૂપે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન અને કંપનીનાં મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈના નેતૃત્વ હેઠળ તકનિકી/પ્રાવિધિક રીતે આદર્શ ગામનો એક નવતર અભિગમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

તેના ભાગરૂપે તાજેતરમાં નવનિર્મિત અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાનું દોલપુર ગામ કે જે હિંમતનગર વર્તુળ કચેરીના તલોદ વિભાગીય કચેરીના તાબા હેઠળની સાઠંબા પેટા વિભાગીય કચેરીમાં આવેલ છે, તેની પંસદગી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે સતત ૨૪ કલાક સાતત્યપૂર્ણ વિશ્વસનીય વીજ પુરવઠા મળી રહે તેવી વ્યવસ્થાની સાથે વીજ ઉપકરણોની ગુણવત્તા તથા જાળવણી તથા વીજ સલામતી અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

જેના માટે કંપની દ્વારા હળવા તથા ભારે દબાણની વીજલાઈનો તથા ટ્રાન્સફોર્મરનું મરામત કરવું, તમામ વીજ જોડાણો રીલ ઈન્સ્યુલેટર અને જી.આઈ. વાયરથી પ્રમાણભુત રીતે કરવા તથા ગ્રાહકોને વીજ અકસ્માત ન થાય તે માટે સમજ આપી જાગૃતિ કેળવવી વગેરે આયોજન હાથ ધરાવામાં આવેલ છે.

દોલપુર ગામ ખાતે આ અભિગમ સફળતાપૂર્વક અમલમાં મુકવામાં આવેલ છે. જેના માટે કંપની દ્વારા તમામ વીજ લાઈનોનું મરામત કાર્ય કરવામાં આવેલ છે. ગામમાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટરની ફરતે સલામતીના ભાગરૂપે ફેન્સિંગ કરવામાં આવેલ છે. એલ.ટી. સ્પેસર લગાવવામાં આવેલ છે. દરેક પોલ ઉપર અર્થિંગ કરવામાં આવેલ છે. ગ્રાહકના વીજ કનેક્શન ઉપર અર્થટર્મીનલ આપેલ છે. તેમજ વીજ સલામતી જળવાય તથા જાગૃતતા કેળવાય તે માટે ઈ.એલ.સી.બી. લગાવવા અંગે સમજણ આપવામાં આવેલ છે.

ઈ.એલ.સી.બી. લગાવવાથી થનાર ફાયદાના જાણીને ગ્રાહક દ્વારા ઈએલસીબી લગાવવા માટે હકારાત્મક પ્રતિસાદ મળેલ છે. જેના લીધે ગામના કુલ ૭૦ ટકા જેટલા ગ્રાહકોએ ઈએલસીબી લગાવેલ છે અને બાકીના ગ્રાહકો લગાવવા માટે સંમત થયેલ છે. તકનિકી/પ્રાવિધિક રીતે આદર્શ ગામ તરીકેની કામગીરી બાદ વીજવ્યયનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. આ અભિગમના ભાગરૂપે કરવામાં આવેલ કામગીરીના લીધે બે વર્ષ સુધી સમગ્ર ગામમાં વીજ વિતરણની કામગીરી વિના વિક્ષેપ રહેશે, તેવો આશાવાદ સેવવામાં આવી રહેલ છે.

આ અભિગમને સફળતાપૂર્વક અમલમાં મૂકવા માટે તલોદ વિભાગીય કચેરી દ્વારા કુલ રૂ.૨,૮૮ લાખનો (અંકે રૂપિયા બે લાખ અઠયાસી હજાર)નો ખર્ચ કરવામાં આવેલ છે.

કંપની સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના પોતાના લક્ષ્યને આવી આગવી રીતે પણ આગળ વધારી રહી છે તેમજ ભવિષ્યમાં અન્ય ગામોમાં આ પ્રકારની કામગીરી દ્વારા સમગ્ર કંપનીમાં આદર્શ વીજ વિતરણ વ્યવસ્થા ઊભી કરવાની નેમ ધરાવે છે. ■

# નવનિર્મિત અંબાજી સબડિવિઝનનો ઉદ્‌ઘાટન સમારંભ

તા. ૬-૧૦-૨૦૧૩ના રોજ અંબાજી ખાતે પેટા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું ઉદ્‌ઘાટન કંપનીના ચેરમેન શ્રી વી.એન. માયરા 'રિટાયર્ડ આઈ.એ.એસ.'ના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, વિશેષ મહા પ્રબંધક શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઈજનેર (આર.ઈ.) જે.એમ. મોચી, શ્રી એ.કે. મંગલ, શ્રી બી.પી. બુચ તથા શ્રી એચ.એમ. રામી ઉપસ્થિત રહ્યા હતા. ■










# આઠમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ચેમ્પિયન

## મહેસાણા સર્કલ પ્રથમ વાર રનર્સ-અપ





ચેમ્પિયન ટીમ



રનર્સ-અપ ટીમ







૨૯-૩૦ નવેમ્બર અને તા. ૧ ડિસેમ્બર ૨૦૧૩ દરમિયાન આઠમી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઐતિહાસિક સરદાર પટેલ સ્ટેડિયમ અમદાવાદ ખાતે કરવામાં આવેલ. તેમાં યુજીવીસીએલની તમામ સર્કલ ઓફિસની ક્રિકેટ ટીમોના પસંદગી પામેલ ખેલાડીઓએ ઉત્સાહભર ભાગ લીધેલો. ટુર્નામેન્ટમાં સેમિફાઈનલ મેચમાં હિંમતનગર સર્કલ અને મહેસાણા સર્કલ વચ્ચે મુકાબલો થયેલ જેમાં મહેસાણા સર્કલ વિજેતા થયેલ. જ્યારે બીજી સેમિફાઈનલ મેચ પાલનપુર સર્કલ અને સાબરમતી સર્કલ વચ્ચે યોજાયેલ જેમાં પાલનપુર સર્કલ વિજેતા થયું હતું. ફાઈનલ મેચમાં રસાકસીભરી રમતને અંતે મહેસાણા સર્કલને હરાવીને પાલનપુર ચેમ્પિયન થયેલ. જ્યારે મહેસાણા સર્કલ પ્રથમ વાર રનર્સ-અપ થયેલ છે.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી, ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એમ.કે. રાઠોડ, નાયબ મહાપ્રબંધક શ્રી એસ.વાય. ડામોર, અધિક્ષક ઈજનેર મહેસાણા શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઈજનેર શ્રી એમ.બી. જાકાસણીયા, અધિક્ષક ઈજનેર કોર્પોરેટ ઓફિસ શ્રી એ.એમ. શાહે ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ.

પ્રાસંગિક પ્રવચનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ કંપનીમાં ચાલી રહેલ રમત-ગમતની પ્રવૃત્તિ વિશે ગૌરવની લાગણી દર્શાવીને આગામી દિવસોમાં સ્પોર્ટ્સમીટનું આયોજન કરવાની જાહેરાત કરેલ. જ્યારે સમાપન સભારંભમાં કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એમ.જી. ભાવસાર તથા અધિક્ષક ઈજનેર શ્રી એચ.એમ. રામી ઉપસ્થિત રહેલ. શ્રી એમ.જી. ભાવસારે ચેમ્પિયન તથા રનર્સ-અપ ટીમને અભિનંદન પાઠવી તમામ ખેલાડીઓને સ્પોર્ટ્સમેન સ્પીરીટથી રમીને ટુર્નામેન્ટ સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યાં હતાં. વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. ટુર્નામેન્ટના બેસ્ટ બોલર તરીકે શ્રી જયેશ ચૌધરી મહેસાણા

### વર્તુળ કચેરી મહેસાણા રનર્સઅપ ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ખેરાલુ પે.વિ.ક. |
| શ્રી એચ.સી. પઢીયાર | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મહેસાણા ઈન્ડ પે.વિ.ક. |
| શ્રી ડી.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | જોટાણા પે.વિ.ક. |
| શ્રી વાય.ડી. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | લોદરા પે.વિ.ક. |
| શ્રી સી.એમ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | ચાણસ્મા પે.વિ.ક. |
| શ્રી સી.ડી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિજાપુર વિ.કા. |
| શ્રી આર.એન. પરમાર | જુનિયર આઈ.ઓ. | મહેસાણા વ.ક. |
| શ્રી પી.પી. પ્રજાપતિ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મહેસાણા ઇન્ડ્ પે.વિ.ક. |
| શ્રી કે.આર. મિશ્રા | મિટર ઇન્સપેક્ટર | મહેસાણા વિ.જી.લન્સ |
| શ્રી જે.એસ. પટેલ | જુનિયર ઇજનેર | ગોજારીયા પે.વિ.ક. |
| શ્રી એ.એન. ચાવડા | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા શહેર પે.વિ.ક. |
| શ્રી એચ.વી. વાઢેર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, પાટણ |
| શ્રી એન.એમ. વ્યાસ | જુનિયર ઇજનેર | વિજાપુર વિ.કા. |
| શ્રી એમ.આર. ઓઝા | જુનિયર આસિસ્ટન્ટ | ધીણોજ પે.વિ.ક. |
| શ્રી એમ.એન. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર પે.વિ.ક.-૨ |
| શ્રી કે.એચ. મકવાણા | જુનિયર આસિસ્ટન્ટ | જીઈકેસી, મહેસાણા |
















સર્કલ બેસ્ટ બેટ્સમેન શ્રી સી.ડી. પટેલ મહેસાણા સર્કલ તથા બેસ્ટ ઓલ રાઉન્ડર તરીકે શ્રી મયૂર ચૌધરી પાલનપુર સર્કલને ખાસ મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ.

સમગ્ર કારકિર્દી દરમિયાન વિવિધ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઈને નિવૃત્ત થનાર કર્મચારી શ્રી આર.ડી. રાવલ સાબરમતી સર્કલ, શ્રી કમલેશ પંડિત મહેસાણા સર્કલ તથા શ્રી કે. આર. મિશ્રાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે શ્રી અલ્પેશભાઈ ચૌધરી, પ્રફુલ ભંડેરી, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી ચંદુભાઈ પરમાર સાબરમતી સર્કલ,

### વર્તુળ કચેરી પાલનપુર ચેમ્પિયન ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી કે.બી. પુરોહિત (કેપ્ટન) | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિ.કા-૧ |
| શ્રી એન.એ. સોલંકી (વા.કેપ્ટન) | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા વિ.કા.-૨ |
| શ્રી એસ.એલ. ઝોપે (વિકેટ કીપર) | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વ.ક. |
| શ્રી એસ.એન. પટેલ | જુનિયર ઈજનેર | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| શ્રી બી.જી. કોએટીયા | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા વિ.કા.-૨ |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર ઈજનેર | ડીસા (છ).... |
| શ્રી એ.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર શહેર પે.વિ.ક. |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર હાઈવે પે.વિ.ક. |
| શ્રી બી.બી. ગેલોત | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| શ્રી એચ.કે. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | દીઓદર પે.વિ.ક.-૧ |
| શ્રી ડી.ડી. રાઠોડ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| શ્રી વી.એચ. પ્રજાપતી | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પાલનપુર હાઈવે પે.વિ.ક. |
| શ્રી ડી.કે. રહેચા | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા છ-૨ પે.વિ.ક. |
| શ્રી કે.જી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| શ્રી આર.ડી. ચૌહાણ | લાઈનમેન | દાંતા પે.વિ.ક. |

### આઠમી ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પંસદગી પામેલ યુજીવીસીએલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી પી.પી. પ્રજાપતિ (કેપ્ટન) | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ઈન્ડ્ર પે.વિ.ક. મહેસાણા |
| શ્રી બી.જી. કોએટીઆ (વા.કેપ્ટન) | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૨ |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પે.વિ.ક. હાઈવે પાલનપુર |
| શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ખેરાલુ |
| એચ.એમ. ઓઝા | જુનિયર ઈજમેર | સાંતેજ સબડિવિઝન |
| શ્રી સી.ડી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. વિજાપુર |
| શ્રી બી.એન. જોષી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. કલોલ-૨ |
| શ્રી કે.જે. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. છત્રાલ |
| શ્રી એન.બી. મહેતા | જુનિયર ઈજનેર | પે.વિ.ક. સાણંદ-૨ |
| શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. પાલનપુર ગ્રામ્ય |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પે.વિ.ક. પાલનપુર |
| શ્રી એ.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પે.વિ.ક.પાલનપુર |
| શ્રી વી.એચ. પ્રજાપતિ | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | હાઈવે પે.વિ.ક. પાલનપુર |
| શ્રી બી.ડી. પટેલ | જુનિયર ઈજનેર | ગ્રામ્ય પે.વિ.ક. હિંમતનગર |
| શ્રી વી.જે. પગી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. માલપુર |
| શ્રી એન.એ. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૨ |

શ્રી વિનોદભાઈ મોદી મહેસાણા સર્કલે મહત્ત્વની ભૂમિકા અદા કરેલ. અમ્પાયર તથા પસંદગીકાર તરીકે શ્રી મનોહરસિંહ ઝાલાએ સેવા આપેલ. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંકલન શ્રી શૈલેષ નાયક, સ્પોર્ટ્સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. ■

# તૃતિય ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ પ્રથમ વાર ચેમ્પિયન

### ડીજીવીસીએલ રનર્સ–અપ







૨૦-૨૧ ઓક્ટોબર ૨૦૧૩ દરમિયાન તૃતિય ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા વણાકબોરી થર્મલ પાવરસ્ટેશન ખાતે કરવામાં આવેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીના પસંદગી પામેલ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલો. ટુર્નામેન્ટમાં સેમિફાઇનલ મેચમાં યુજીવીસીએલ અને પીજીવીસીએલ વચ્ચે મુકાબલો થયેલ. જેમાં યુજીવીસીએલ વિજેતા થયેલ અને ફાઇનલમાં પ્રવેશ મેળવેલ. જ્યારે બીજી સેમિફાઇનલ મેચ ડીજીવીસીએલ અને જીસેક વચ્ચે યોજાયેલ. જેમાં ડીજીવીસીએલ વિજેતા થતા ફાઇનલમાં પ્રવેશ મેળવેલ.

ફાઇનલ મેચમાં રસાકસ્સીભરી રમતને અંતે ડીજીવીસીએલને હરાવીને યુજીવીસીએલ પ્રથમ વાર ચેમ્પિયન બનેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટમાં વણાકબોરી ટીપીએસના મુખ્ય ઇજનેરશ્રી એન.સી. પટેલ, વિશેષ મુખ્ય ઇજનેરશ્રી જે.સી. માલી. તથા શ્રી એસ.પી. જૈન, વિશેષ મહાપ્રબંધકશ્રી બી.કે. જોશી તેમજ રીક્રિએશન કલબના સેક્રેટરીશ્રી એચ.આર. પટેલે ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ.

જ્યારે સમાપન સભારંભમાં વણાકબોરી ટીપીએસના વિશેષ મુખ્ય ઇજનેરશ્રી જે.સી. માલી તથા શ્રી એસ.પી. જૈન, અધિક્ષક ઇજનેરશ્રી પી.એન. વાજા તથા શ્રી એમ.એમ. મોદી ઉપસ્થિત રહેલ. વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

ટુર્નામેન્ટને સફળ બનાવવામાં વણાકબોરી થર્મલ પાવરસ્ટેશનની રીક્રિએશન કલબના સભ્યોએ જહેમત ઉઠાવી ખેલાડીઓને સુંદર વ્યવસ્થા પૂરી પાડેલ.

**ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની કબડ્ડી ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમના ખેલાડીઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રી એચ.આર. નિનામા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, હિંમતનગર | હિંમતનગર |
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા ટાઉન સબ ડિવિઝન | સાબરમતી |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | કોઠ સબ ડિવિઝન | સાબરમતી |
| શ્રી આર.એમ. ચૌધરી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા | પાલનપુર |

# આઠમી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટમાં નીતાબહેન સાટોડીયા ચેમ્પિયન

તા. ૨-૧૦૨૦૧૩ના રોજ સાબરમતી સર્કલ ઓફિસ ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપનીની આઠમી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. કંપનીના તાબા હેઠળના હિંમતનગર, પાલનપુર, સાબરમતી અને કોર્પોરેટ ઓફિસની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત અધિક્ષક ઈજનેર સાબરમતી શ્રી એમ.બી. જાકાસણીયાએ કંપનીની રમત-ગમત તથા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓમાં મહિલાઓની વધતી જતી સંખ્યા અંગે આનંદની લાગણી દર્શાવી હતી અને ટુર્નામેન્ટ સ્પોટ્‌ર્સમેન સ્પીરીટના વાતાવરણમાં રમીને સફળ બનાવવા અનુરોધ કરેલ.

તેમણે કોર્પોરેટ ઓફિસ દ્વારા ફાળવવામાં આવેલ ટેનીકોઈટ ટુર્નામેન્ટ માટે આભારની લાગણી વ્યક્ત કરીને આવનાર દિવસોમાં વધુ ટુર્નામેન્ટો ફાળવવા અનુરોધ કરેલ. સમાપન સમારંભમાં પર્સોનલ ઓફિસર શ્રી એસ.એલ. પટેલે ઉપસ્થિત રહીને વિજેતાઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી પટેલે રમત-ગમતક્ષેત્રે મેનેજર તરીકે પોતે આપેલ સેવાની યાદ આપી પોતાના અનુભવો રજૂ કરેલ. ટુર્નામેન્ટના રેફી તરીકે શ્રીમતી પ્રફુલાબહેન ચૌધરી, શ્રીમતી યશસ્વિનીબહેન ઓઝા અને ટુર્નામેન્ટનું આયોજન શ્રી લલિતકુમાર મહિડાના નેતૃત્વ હેઠળ શ્રી પ્રફુલ ભંડેરી તથા અલ્પેશભાઈ ચૌધરીએ કરેલ, જ્યારે ઉદ્‌ઘાટન તથા સમાપનનું સંચાલન શ્રી આર.ડી. રાવલ ગેસ્ટહાઉસ મેનેજર દ્વારા કરવામાં આવેલ.








**૨૧-૧૦-૨૦૧૩થી ૨૩-૧૦-૨૦૧૩ દરમિયાન રમાયેલ ઈન્ટર કંપની ટેનીકોઈટ ટુર્નામેન્ટમાં પાલનપુર ખાતે ફરજ બજાવતા નીતાબહેન ડી. સાટોડીયાએ પ્રભાવશાળી દેખાવ કરીને સતત બીજા વર્ષે ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટેનીકોઈટ ટુર્નામેન્ટમાં પોતાનું પ્રતિનિધિત્વ જાળવી રાખેલ છે.**

**ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| નીતાબહેન ડી. સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, આર.એસ.ઓ. | ચેમ્પિયન |
| કુ. એસ.એસ. કાપડીયા | જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.) | હિંમતનગર સર્કલ | રનર્સ-અપ |

**ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| નીતાબહેન ડી. સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, આર.એસ.ઓ. | ચેમ્પિયન |
| શ્રીમતી એચ.વી. સુથાર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કા., ડીસા-૧ | ચેમ્પિયન |
| કુ. એસ.એસ. કાપડીયા | જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.) | ટેકનિકલ વિભાગ | રનર્સ-અપ |
| જાગૃતિબહેન પી. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | ટાઉન સબડિવિઝન, હિંમતનગર | રનર્સ-અપ |

# ઈન્ટર સર્કલ વોલિબોલ ટુર્નામેન્ટમાં પાલનપુર ચેમ્પિયન

## હિંમતનગર રનર્સ-અપ

તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ મહેસાણા સર્કલ ઓફિસના યજમાનપદે આઠમી ઇન્ટર સર્કલ વોલિબોલ ટુર્નામેન્ટનું આયોજન વિસનગર ખાતેના કોલેજ ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ. જેમાં યુજીવીસીએલના તમામ સર્કલની ટીમોએ ભાગ લીધેલ. રસાકસીભરી રમતને અંતે પાલનપુરની ટીમ ચેમ્પિયન બનેલ છે. જ્યારે હિંમતનગરની ટીમ રનર્સ-અપ બનેલ છે.

સ્પોર્ટ્સમેન સ્પીરીટના વાતાવરણમાં યોજાયેલ આ ટુર્નામેન્ટમાં રાજ્ય સરકારના ભૂતપૂર્વ મંત્રીશ્રી, વિસનગરના ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી તથા કેળવણી મંડળના પ્રમુખ શ્રી ભોળાભાઈ પટેલે હાજરી આપેલ. આ પ્રસંગે કંપનીના નાયબ મહાપ્રબંધક શ્રી એસ.વાય ડામોર, ઔદ્યોગિક સંબંધિત અધિકારી શ્રી વી.એસ. અસારી કાર્યપાલક ઇજનેર વિસનગર, શ્રી આર.જે. પટેલ, શ્રી આર.યુ. પટેલ, ડો. એમ.જી. પટેલ ફિઝિકલ ડાયરેક્ટર ઉપસ્થિત રહેલ. ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી ભોળાભાઈ પટેલે ઉત્તર ગુજરાત વીજ કંપનીની તમામ ટીમોને ઉમળાકાભેર આવકારી કંપનીમાં ચાલી રહેલ રમતગમતની પ્રવૃત્તિ અંગે પ્રશંસાની લાગણી અનુભવેલ.

કંપની દ્વારા કરવામાં આવેલ વીજ વિતરણ અંગેની કામગીરીની પણ સરાહના કરેલ. ખેલાડીઓને ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલી. ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં શ્રી એસ.વાય. ડામોર નાયબ મહાપ્રબંધક તથા શ્રી એચ.એમ. પાંડોર સહાયક સચિવ દ્વારા ચેમ્પિયન તથા રનર્સ-અપ ટીમના ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા

**ઈન્ટર કંપની વોલિબોલ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમના ખેલાડીઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર એન્જિનિયર | પાલનપુર હાઉસીંગ હાઇવે સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | રાધનપુર સબડિવિઝન |
| શ્રી એચ.આર.નીનામા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | હિંમતનગર રુરલ સબડિવિઝન |
| શ્રી કે.જે. કાલસાવા | આસિસ્ટન્ટ લાઇનમેન | મહેસાણા (ટાઉન) |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સિટી સબડિવિઝન |
| શ્રી ડી.જે. ફેરા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | લાખણી સબડિવિઝન |
| શ્રી આઇ.જે. ગામેતી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ખેડબ્રહ્મા સબડિવિઝન |
| શ્રી વી.એચ. અસારી | આઇ.આર.ઓ. | આરએન્ડસી ઓફિસ, મહેસાણા |
| શ્રી એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ઊંઝા રુરલ સબડિવિઝન |
| શ્રી વાય.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ઇકબાલગઢ સબડિવિઝન |
| શ્રી બી.એ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વડનગર સબડિવિઝન |
| શ્રી એસ.ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહિવટ) | ભિલોડા ડિવિઝન |

**તા. ૨૩ -૨૪ ૨૦૧૩ દરમિયાન ધુવારણ ખાતે યોજાયેલ આઠમી ઈન્ટર કંપની વોલિબોલ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ડીજીવીસીએલ અને યુજીવીસીએલ વચ્ચે મુકાબલો થયેલ જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. ચેમ્પિયન થયેલ છે જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની લી. રર્નસ-અપ થયેલ છે. આ ટુર્નામેન્ટમાં નીચે જણાવેલ મુજબના ખેલાડીઓ ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની વોલિબોલની ટીમમાં પસંદગી પામેલ છે.**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર એન્જિનિયર | પાલનપુર હાઉસીંગ હાઇવે સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | રાધનપુર સબડિવિઝન |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સીટી સબડિવિઝન |
| **સ્ટેન બાય પ્લેયર** | | |
| શ્રી ડી.જે. ફેરા | ઇલેક્ટ્રીકક આસિસ્ટન્ટ | લાખણી સબડિવિઝન |
| શ્રી એસ.ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહિવટ) | ભિલોડા ડિવિઝન |

















### વર્તુળ કચેરી હિંમતનગર રનર્સ-અપ બનેલ ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એચ.આર. નીનામા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. હિંમતનગર |
| શ્રી આઇ.જે. ગામેતી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. ખેડબ્રહ્મા |
| શ્રી બી.જી. તરાલ | મીટર ટેસ્ટર | વિ.કા. મોડાસા |
| શ્રી એસ.ડી. ફનેજા | ડે.સુપ્રી.(ઇએસટી) | વિ.કા. ભીલોડા |
| શ્રી એ.કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ભીલોડા-૧ |
| શ્રી ડી.એલ. રાઠોડ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. ગાંભોઇ |
| શ્રી એ.એસ. અસોડા | લાઇન ઇન્સ્પેક્ટર | ગ્રામ્ય પે.વિ.ક. હિંમતનગર |
| શ્રી એલ.ડી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ગાંભોઇ |
| શ્રી એસ.કે. ડામોર | સિનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ઇડર |
| શ્રી એ.કે. વરસાત | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. ટીટોઇ |
| શ્રી એન.એસ. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. બાયડ |
| શ્રી બી.એસ. ભગોરા | સિનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. મોડાસા |

### વર્તુળ કચેરી પાલનપુર ચેમ્પિયન બનેલ ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઇજનેર | પે.વિ.કા. હાઈવે પાલનપુર |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. રાધનપુર |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પે.વિ.ક. પાલનપુર |
| શ્રી વાય.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.ક. ઇકબાલગઢ |
| શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. પાલનપુર |
| શ્રી બી.જી. કોઇટીયા | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. ડીસા-૨ |
| શ્રી ડી.જે. ફેરા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. લાખણી |
| શ્રી પી.એસ. દેદુન | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પે.વિ.ક. થરા |
| શ્રી એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પે.વિ.ક. ઉઝા |
| શ્રી જે.એ. ચૌહાણ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પે.વિ.ક. પાલનપુર |
| શ્રી કે.બી. પુરોહિત | જુનિયર આસિસ્ટન્ટ | વિ.કા. પાલનપુર-૧ |
| શ્રી ટી.એન. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પે.વિ.કા. હાઈવે પુલનપુર |

મોમેન્ટો આપવામાં આવેલ.

ટુર્નામેન્ટમાં શ્રી ખોડાભાઈ એસ. ઠાકોર, ચીફ સિલેક્ટર, શ્રી દશરતભાઈ વાઘેલા રેફ્રી, શ્રી દેવાંગભાઈ પંડ્યા રેફ્રી તથા શ્રી શિવકુમાર જાદવે સ્કોરર તરીકે સેવાઓ આપેલ. ટુર્નામેન્ટને સફળ બનાવવા મહેસાણા સર્કલના શ્રી વિનોદભાઈ મોદી, શ્રી હિંગુભાઈ તથા મુકેશભાઈ કંસારાએ મહત્ત્વની ભૂમિકા ભજવેલ. ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી શૈલેશભાઈ નાયક સ્પોર્ટ્સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. ■









# આઠમી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનતા શ્રી કમલ સીંઘી

## રનર્સ–અપ શ્રી એસ.એમ. દલબાડી નાયબ ઈજનેર, ચાણસ્મા









તા. ૮-૧૨-૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે મહેસાણા સર્કલ ઓફિસના યજમાનપદે આઠમી ઈન્ટ સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તક્ના સાબરમતી, પાલનપુર, હિંમતનગર, મહેસાણા તથા કોર્પોરેટ ઓફિસની તમામ ટીમોના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

ખેલદિલીભર્યા વાતાવરણમાં રમાયેલ આ ટુર્નામેન્ટમાં શ્રી કમલ સિંઘી નાયબ ઈજનેર કોર્પોરેટ ઓફિસે પોતાની ચેમ્પિયનશીપ જાળવી રાખેલ છે. જ્યારે શ્રી એસ.એમ. દલવાડી નાયબ ઈજનેર, ચાણસ્મા પેટા વિભાગીય કચેરી રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ, મહેસાણા સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી એચ.એમ. રામી તથા શ્રી બી.પી. બુચ, અધિક્ષક ઈજનેર કે જેઓ આ ટુર્નામેન્ટમાં એક ખેલાડી પણ હતા તેઓએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો પ્રોત્સાહિત કરેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા દીપપ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

આ પ્રાસંગિક પ્રવચન દ્વારા ઉપસ્થિત તમામ ખેલાડીઓને ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ. રસાકસીભરી રમતને અંતે નીચે જણાવ્યા મુજબનાં પરિણામો આવેલ છે.

ટુર્નામેન્ટના સમાપન સમારંભના ઉપસ્થિત કંપનીના મહેસાણા સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી એચ.એમ.રામીના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો આપવામાં આવેલ અને ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

ટુર્નામેન્ટને સફળ બનાવવા મહેસાણા સર્કલના શ્રી વી.આર. મોદીના નેતૃત્વ હેઠળ શ્રી સુરેશભાઈ બી. પટેલ તથા શ્રી દીલિપભાઈ આર. જાનીએ પ્રસંશનીય સેવાઓ આપેલ. રેફ્રી તરીકે શ્રી પાર્થ ત્રિવેદી તથા શ્રી મહેશ રાવલે સેવા આપી હતી. શ્રી કમલ સિંઘીએ સ્પર્ધાના ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભમાં સંચાલનની જવાબદારી સંભાળી હતી.

### ઈન્ટર કંપની ટેનિસ ટુર્નામેન્ટ માટેની યુજીવીસીએલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી કે.એસ. સીંઘી | નાયબ ઈજનેર | રજી.ઓફિસ, મહેસાણા |
| શ્રી એસ.એમ. દલવાડી | નાયબ ઈજનેર | ચાણસમા સબડિવિઝન |
| શ્રી જે.એમ. સૈયદ | એસ.આર આસી | પાલનપુર ડીઓ-૧ |
| શ્રી આર.એન. પરમાર | આઈ.ઓ. | મહેસાણા સર્કલ ઓફિસ |
| શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ (વિ.એસ.) | રજીસ્ટર ઓફિસ,મહેસાણા |
| શ્રી આર.સી. દેસાઇ | કયાર્યપાલક ઈજનેર | આર.ઓ. મહેસાણા |
| શ્રી બી.પી. બુચ | અધિક્ષક ઈજનેર | હિંમતનગર કોર્પોરેટ ઓફિસ |

### ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કે.એસ. સિંઘી | નાયબ ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એસ.એમ. દલવાદી | નાયબ ઈજનેર | ચાણસ્મા સબડિવિઝન | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કે.એસ. સીંઘી | નાયબ ઈજનેર | કોર્પોટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી આર.સી. દેસાઈ | કાર્યપાલક ઈજનેર | આર.ઓ., મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એ.એમ. દલવાડી | નાયબ ઈજનેર | ચાણસ્મા સબડિવિઝન | રનર્સ-અપ |
| શ્રી આર.એન. પરમાર | જુની. આઈ.ઓ. | મહેસાણા, સર્કલ ઓફિસ | રનર્સ-અપ |

## ખોજ છે પ્રભુ તારી...

વેરાનમાં ઊભો છું, દૃષ્ટિ ક્ષિતિજ ભણી,
પગ નીચે પથ્થર ને આંખમાં હરિયાળી,

લીલુડી ધરતીને નીલું આભ ક્ષિતિજ સગં,
હવા વાત લઈ આવી, ત્યાં તું છુપાયો છે.

શ્વેત વાદળ મહીં અદૃષ્ટ બની ઊભો છે.
અહીં ધૂળની ડમરી, અપલક નેત્રો તોય છે.

દાનવનાં ક્રૂર હાસ્ય ને માનવનાં મૂક રુદન.
વચ્ચે પુનઃપાર્થ ઊભો છે હે મધુસૂદન

અંતરની આરત, ન ગીતા ગાન કરી ભલે.
તારા એક સ્મિતનો તલસાટ છે એને,

અનિલની અધૂરપને ભરી દે બંસી રેલાવી.
તારા મોરપિચ્છ ગુચ્છનું એક પીંછું દે ફેલાવી.

## મંગલ દર્શન

મુજ અંતર રાજ અધિરાજ
તવ દર્શન આનંદ મંગલ

મનહર મૂરત શ્યામસુંદર
કમલનયન દૃષ્ટિ મુજ પર

આભલે મીટ માંડી ઊંડેથી
તુજ નિવાસ દૂર ક્ષિતિજે

મારી આશ ફળતી જાણે
દીસે તુજ પગરવ અહીં

મુજ આસપાસ વ્યાપ્ત રહી,
બોલી રહે, આ રહ્યો, હું અહીં.

## નીર ઘટતાં ચાલ્યાં

સરવરનાં શાંત નીર ઘટતાં ચાલ્યાં.
વાત ચાલી લીમડો ગુલમહોરને પૂછે!

કમળપુષ્પને પોયણાં છે,
ત્યાંય મૃગલાં.
મસ્તભર આવતાં હતાં,
કદંબ બોલે.

કાનુડે વાંસળીના સુર છેડ્યા'તા એક દિ'
વાત વહી ગઈ.

શિયાળવાં લૂંટી ગયાં પાણી,
હરણાં તરસ્યાં રહ્યાં,
ગાવડાં રોતાં રહ્યાં,
વાંસળી વીસરાઈ ગઈ,
ગોવાળિયા જોતા રહ્યાં.

સરવર સહતું ચાલ્યું,
તરુવર મૂંગાં રહ્યાં,
શાંત નીર સરવરના અંતે અશાંત બન્યાં શું?

ઊંડે ખળખળ બોલ્યું,
તરંગ ઊઠ્યા, ધરતી ધ્રૂજી.

પાણી આગ ઓકતું જાણે
જ્વાળામુખી ફાટ્યો!
સરવરનાં નીર લાવા બની પ્રગટ્યાં અંતે.



**શ્રી ઘનશ્યામ પટેલ,**
એક્ઝિક્યુટિવ ઇન્જિનર, સાબરમતી
ડિવિઝન ઓફિસ

## A Rainbow



In a dark forest,
On an evening of a rainy day,
When few drops of water,
Fell from the peak of sky,
There were,

Horizons met in a line,
Behind the shadows of blue cloud,
The rays of the shy sun,
Became nice arrows of the bow,
On which wild birds swing & sing,
And then,

All the seven colors of rainbow,
Alive with smiling face,
And far there, see the
Shining shadow of a rainbow,
In the lake of the cascade.



**Nilesh Raval**
Jr.Asstt., RSO Mehsana

# આપણો અડગ નિર્ધાર

## વીજ બચત સતત કરીશું

**વીજ બચતના ઉપાયો અપનાવીએ**
**મહામૂલું રાષ્ટ્રધન બચાવીએ.**



**માત્ર જરૂરિયાત પૂરતી વીજળી વાપરીએ.**
**ઓછી વીજળી વપરાય તેવા સાધનો પસંદ કરીએ.**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

આપણું
યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com